**તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૬ | ૫ સપ્ટેમ્બર, ૨૦૧૫, શનિવાર ; શ્રાવણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ઓઆરઓપીની બે-ત્રણ દિવસમાં જાહેરાતની શક્યતા
- ઓઆરઓપીના મામલે પૂર્વ જવાનો ખૂબ લડાયક મૂડમાં
- મોદીની બોધગયા યાત્રાને મામલે લોખંડી સુરક્ષા
- સેન્સેક્સ ૫૬૩ પોઈન્ટ ઘટતા મચેલી અફડાતફડી
- ડોલર વિરુદ્ધ રૂપિયો ૬૬.૪૯ની નીચી સપાટીએ
- તમિળનાડુમાં ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતરતા ૩૯ યાત્રી ઘાયલ
- ૨૦૨૨ સુધી દરેક ગામમાં વીજળી પુરવઠો હશે : મોદી
- યુએઇમાં આઇએસ સાથે જોડાવવાના આરોપમાં ૧૧ ભારતીયની ધરપકડ
- આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકનો પુનઃ ગોળીબાર
- યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં વોઝનિયાકી હારી જતા ચાહકોમાં નિરાશા

# રાજ્યમાં મનપાની ચૂંટણી પ્રક્રિયા પર સુપ્રીમનો સ્ટે

## ગુજરાત સરકારને સુપ્રીમ કોર્ટ દ્વારા નોટિસ : ૧૫ દિવસમાં ખુલાસો કરવા આદેશ : મલ્ટી મેમ્બર વોર્ડ ચુંટણીની વ્યવસ્થા રદ કરવામાં કેમ ન આવે તે અંગે જવાબ આપવાનું સૂચન

અમદાવાદ/નવી દિલ્હી, તા. ૪

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચુંટણી પ્રક્રિયા ઉપર અંતે સ્ટે મુકી દીધો છે. રાજુ સામંત અને અન્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર ઉપર આ ચુકાદો આપવામાં આવ્યો હતો. અરજીદાર રાજુ સામંત વડોદરામાં વોર્ડ-૧ના વોટર તરીકે છે. તેમને કોંગ્રેસના નેતા નરેન્દ્ર રાવત દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો.

જસ્ટીસ જે ચેલેમેશ્વર અને અભય એમ સપરેની બનેલી બેંચે અરજીના આધાર ઉપર ગુજરાત સરકારને નોટિસ ફટકારી છે. સાથે-સાથે બહુ સભ્યોની વોર્ડ ચુંટણી કોન્સેપ્ટને શા માટે રદ કરવામાં ન આવે તે અંગે જવાબ આપવા કહેવામાં આવ્યું છે.

ગુજરાત સરકારને ૧૫ દિવસની અંદર જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચુંટણી પ્રક્રિયાને લઈને ભારે ચર્ચા રહી છે.

ફરજિયાત મતદાનને લઈને પણ હાલમાં ભારે વિવાદ રહ્યો છે. અરજીદારે દાવો કર્યો હતો કે, મલ્ટી મેમ્બર વોર્ડ ઈલેક્શન અનામત અને પ્રતિનિધિત્વના મૂળભૂત અધિકારોના ભંગ સમાન છે. અરજીદાર તરફથી આ કેસ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલ, હરિન રાવલ, અનિરુદ્ધ શર્મા અને હુઝેફા અહમદી દ્વારા લડવામાં આવ્યો છે.

ગુજરાતમાં છ મ્યુનિસિપલ કોર્પોરેશન માટેની ચુંટણી માટેનો કાર્યક્રમ આગામી સપ્તાહમાં જાહેર કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જ્યારે ચુંટણી આગામી મહિનામાં જ યોજાય તેમ પણ માનવામાં આવે છે. આ વખતે ચુંટણીને લઈને ભારે વિખવાદની સ્થિતિ પણ રહેલી છે. કારણકે, ભાજપ અને કોંગ્રેસ દ્વારા એકબીજા ઉપર આક્ષેપોનો મારો ચલાવવામાં આવી રહ્યો છે.

**ગાંધીનગર સમાચાર**
**અંક બંધ**

આજે જન્માષ્ટમી પર્વ નિમિત્તે ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. તેથી તા. ૬-૯-૨૦૧૫ને રવિવારનો અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક




**સ્વામિનારાયણ ગુરૂકુલ**
**ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોગ**

આપણી પ્રિય શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન અને શિક્ષકોનું સન્માનનો કાર્યક્રમ યોજેલ છે.

**તા.૬-૦૯-૨૦૧૫, રવિવાર**
સ્થળ : સ્વામિનારાયણ ગુરૂકુલ સત્સંગ હોલ ઘ-૫, સેક્ટર-૨૩, ગાંધીનગર.

ચિરાગ બારોટ : 96388 77266
ચિરાગ ચાવડા : 81417 88999
દેવાંગ પટેલ : 98253 06144
સંદીપ વખારીયા : 94092 85630
કિશોર માનરીયા : 98980 62901

**વૈદ્યરાજ**
વજન વધારવા / ઘટાડવાના ખાસ અનુભવી નિષ્ણાત
સંપૂર્ણ આયુર્વેદિક પદ્ધતિ દ્વારા ઘરે બેઠા સારવાર મેળવો.
ફુલી ગયેલ પેટ અનેક રોગોનું પ્રવેશદ્વાર છે.
તા. ૧૦/૯/૧૫ સુધી ૫૦% રાહત દરે
મો. ૮૪૦૧૪૩૩૭૧૮




